


# સપના પર સસ્પેન્સ : કુમાર વિશ્વાસને ભાજપમાં લવાશે

## મનોજ-સપનાના નવા ફોટોના કારણે ચર્ચા છેડાઇ : તિવારીની હરિયાણાની લોકપ્રિય ડાન્સર સપના ચૌધરીની સાથે લાંબી ચર્ચા : કુમાર વિશ્વાસ સાથે પણ લાંબી મંત્રણા

હરિયાણાની લોકપ્રિય ડાન્સર સપના ચૌધરી ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થશે તેવા સાફ સંકેતો મળી રહ્યા છે. સપનાના કોંગ્રેમાં જવાના અહેવાલો પર પૂર્ણવિરામ મુકાયા બાદ હવે સપના ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થશે તેવી ચર્ચાને વેગ મળતા તમામ લોકોમાં આની ચર્ચા જોવા મળી રહી છે. જો કે સપના તરફથી હજુ સુધી કોઇ પણ પ્રકારની પ્રતિક્રયા આપવામાં આવી નથી. સપનાના ભાજપમાં સામેલ થવા અને તેના દ્વારા ભાજપ માટે પ્રચાર કરવાને લઈને કોઈ માહિતી હજુ સુધી મળી શકી નથી. તેને લઈને સસ્પેન્સ જારી છે. સપના ચૌધરી ભાજપમાં સામેલ થશે તેવી અટકળોને એ વખતે વેગ મળ્યો હતો જ્યારે દિલ્હી ભાજપ પ્રદે અધ્યક્ષ મનોજ તિવારીની સપનાની સાથે ટેબલ પર બેઠેલી એક તસ્વીર વાયરલ થઈ હતી. મોડેથી જાણવા મળ્યુ હતુ કે તિવારી પોતે સપનાને મળવા માટે તેમના આવાસ પર પહોંચી ગયા હતા. જ્યાં તેમની વચ્ચે લાંબી વાતચીત થઈ હતી. જો કે આ સંબંધમાં સપના તરફથી કોંઇ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. સપના ઉપરાંત મનોજ તિવારી સોમવારની રાત્રે કુમાર વિશ્વાસને પણ મળ્યા હતા.

ભારતીય જનતા પાર્ટી કુમાર વિશ્વાસને પણ ભારતીય જનતા પાર્ટીમાં સામેલ કરવા માટે ઉત્સુક છે. હાલમાં તમામ રાજકીય પક્ષો એકબીજાને પછડાટ આપવા માટે જુદા જુદા પાસા ફેંકી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી માટેના કાર્યક્રમની ચૂંટણી પંચે ૧૦મી માર્ચના દિવસે જાહેરાત કરી દીધી હતી. આની સાથે લોકસભા ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું હતુ.

ચૂંટણી પંચે લોકસભાની કુલ ૫૪૩ સીટો ઉપર સાત તબક્કામાં ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી હતી જે સાત તબક્કામાં મતદાન યોજાનાર છે તે પૈકી પ્રથમ તબક્કામાં ૧૧મી, બીજા તબક્કામાં ૧૮મી, ત્રીજા તબક્કામાં ૨૩મી, ચોથા તબક્કામાં ૨૯મી એપ્રિલના દિવસે મતદાન યોજાશે જ્યારે પાંચમાં તબક્કામાં છઠ્ઠી મે, છઠ્ઠા તબક્કામાં ૧૨મી મે અને ૧૯મી મેના દિવસે સાતમાં તબક્કામાં મતદાન થશે.તમામ તબક્કાની મતગણતરી એક સાથે ૨૩મી મેના દિવસે યોજાશે. આનો મતલબ એ થયો કે, ૧૭મીલોકસભામાં સત્તાની ચાવી કોની પાસે આવશે તે અંગેનો ફેંસલો ૨૩મી મેના દિવસે થશે. પ્રથમ તબક્કામાં ૨૦ રાજ્યોમાં ૯૧ સીટો ઉપર મતદાન થનાર છે. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની ૯૭ સીટ પર મતદાન થનાર છે. ચોથા તબક્કામાં નવ રાજ્યોમાં સાત સીટો ઉપર મતદાન થનાર છે. પાંચમાં તબક્કામાં સાત રાજ્યોની ૫૧ સીટો ઉપર મતદાન યોજાનાર છે. છઠ્ઠા તબક્કામાં સાત રાજ્યોની ૫૯ સીટો ઉપર મતદાન થશે જ્યારે સાતમા અને અંતિમ તબક્કા માટે આઠ રાજ્યોની ૫૯ સીટ ઉપર મતદાન થશે.ભાજપ અને કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો એકબીજા પર લીડ મેળવી લેવા લોકપ્રિય લોકોને પોતાની તરફેણમાં કરવામાં માટેના પ્રયાસ કરી રહ્યા છે. બોલિવુડ સ્ટાર જયા પ્રદા પણ હાલમાં ભાજપમાં સામેલ થઈ ચુકી છે.

# આજમગઢમાં અખિલેશ હોટ ફેવરીટ

## આજમગઢ બેઠક પર અખિલેશની સામે ભાજપ ભોજપુરી ફિલ્મોના સુપરસ્ટાર દિનેશ લાલને મેદાનમાં ઉતારી શકે

વર્ષ ૨૦૧૯ લોકસભા ચૂંટણીને લઈને ઉત્તરપ્રદેશમાં આજમગઢ સીટની ચર્ચા હવે જોવા મળી રહી છે. વર્ષ ૨૦૧૪માં લોકસભા ચૂંટણીમાં મોદી લહેર છતાં સમાજવાદી પાર્ટીના સ્થાપક મુલાયમસિંહ યાદવે આ સીટ બચાવી લેવામાં સફળતા મેળવી હતી. સમાજવાદીઓના ગઢ તરીકે આ બેઠકને ગણવામાં આવે છે. આ વખતે સમાજવાદી પાર્ટીએ પોતાની રણનિતી આ બેઠક માટે બદલી નાંખી છે. આ વખતે મુલાયમસિંહ યાદવ આ બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતરી રહ્યા નથી. તેમના બદલે આ વખતે આ સીટ પરથી મુલાયમસિંહ યાદવના પુત્ર અને રાજ્યના પૂર્વ મુખ્યપ્રધાન અખિલેશ યાદવ મેદાનમાં છે.



ભારતીય જનતા પાર્ટી દ્વારા હજુ સુધી કોઈ ઉમેદવારના નામની જાહેરાત કરી નથી પરંતુ ભાજપ તરફથી આ સીટ પર ભોજપુરી ફિલ્મોના સુપરસ્ટાર દિનેશ લાલ યાદવને મેદાનમાં ઉતારવામાં આવે તેવી શક્યતા છે. આજમગઢ બેઠકને લઈને હજુ સુધી રાજકીય પક્ષોમાં કોઇ વધારે હિલચાલ જોવા મળી રહી નથી. સ્થાનિક લોકોના મુડને અહીં સરળતાથી સમજી શકાય છે.

૧૨મી મેના દિવસે આજમગઢમાં ચૂંટણી યોજાનાર છે. જો કે અહીં રાજકય હલચલ ખુબ ઓછી છે. રાજકીય પક્ષો અને પાર્ટીઓના પોસ્ટર હાલમાં નહીંવત જેવા છે. આનુ કારણ એ છે કે ભારતીય જનતા પાર્ટી દ્વારા તેમના ઉમેદવારના નામની જાહેરાત હજુ કરવામાં આવી નથી. અખિલેશનુ નામ ચોકસપણે સમાજવાદી પાર્ટીમાંથી નક્કી થઈ ગયુ છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીને ધ્યાનમાં લેવામાં આવે તો અહીં એટલે કે આજમગઢમાં આશરે ૧૬ ટકા મુસ્લિમ છે. આશરે ૨૫ ટકા દલિતો છે. જો ચૂંટણીમાં જાતિગત આંકડા પ્રભુત્વ મેળવે છે તો ચોક્કસપણે ગઠબંધનમાં સાથે આવ્યા બાદ સમાજવાદી પાર્ટીને ફાયદો થશે. ચૂંટણી ઈતિહાસ પર નજર કરવામાં આવે તો પણ અહીં ૭૦ના દશક બાદ સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટીનુ પ્રભુત્વ રહ્યુ છે.

વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ પ્રચંડ જીત મેળવી હતી. આજમગઢ સંસદીય ક્ષેત્રમાં પાંચ વિધાનસભા સીટ આવે છે. જે પૈકી સમાજવાદી પાર્ટીની કોઈ સીટ પર જીત થઈ ન હતી. ભોજપુરી સ્ટાર દિનેશ લાલને લઈને પણ મતદારો વિભાજિત દેખાય છે. જેથી હાલમાં કોઈ ટિપ્પણી કરવી યોગ્ય નથી.

# દિલ્હીમાં મનોજ તિવારી સ્ટાર પ્રચારક, ૧૦૦થી વધુ જગ્યાએ માગ

લોકસભા ચૂંટણી માટેનો તખ્તો ગોઠવાઈ ગયો છે. ત્યારે દિલ્હીમાં લોકસભાની તમામ સાતેય સાત સીટો પર પ્રભુત્વ જાળવી રાખવા માટેના પ્રયાસો ભાજપે હવે જોરદાર રીતે હાથ ધર્યા છે.

આક્રમક પ્રચારના ભાગરૂપે દિલ્હી બાજપના અધ્યક્ષ અને નોર્થ ઈસ્ટ દિલ્હીના સાંસદ મનોજ તિવારીને હવે સ્ટાર પ્રચારક બનાવી દેવામાં આવ્યા છે. મનોજ તિવારી પર ભારતીય જનતા પાર્ટી જોરદાર વિશ્વાસ મુકી રહી છે. એમ કહેવામાં આવે છે કે ત્રીજીથી નવમી એપ્રિલની વચ્ચે પ્રથમ તબક્કામાં જે રાજ્યોમાં મતદાન યોજાનાર છે ત્યાં મનોજ તિવારી ૩૪ સભા કરનાર છે. એકા ઉત્તરપ્રદેશ અને બિહારમાં ૧૦૦થી વધારે જગ્યા પર પ્રચાર માટે મનોજ તિવારીને મોકલ દેવા માટેની માંગ કેન્દ્રિય નેતૃત્વને મળી રહી છે. ભારતીય જનતા પાર્ટીમાં છેલ્લા



કેટલાક સમયથી મનોજ તિવારી મજબુત અને લોકપ્રિય લીડર તરીકે ઉભરી રહ્યા છે.

દિલ્હી ભાજપ દ્વારા પ્રચારની પ્રક્રિયા વધારે તીવ્ર કરી દેવામાં આવી છે. આગામી સપ્તાહમાં તમામ ૭૦ વિધાનસભા ક્ષેત્રમાં પ્રચાર માટે ભારતીય જનતા પાર્ટી ૧૪૦ ઇ-રિક્શા મેદાનમાં ઉતારનાર છે. એલઈડી સ્ક્રીન અને સાઉન્ડ સિસ્ટમની સાથે સજ્જ આ ઈરિક્શા જુદા જુદા વિસ્તારમાં ફરીને કેન્દ્ર સરકારના કામોને લઈને પ્રચાર કરશે. એમ પણ માનવામાં આવે છે કે ભાજપની વિચારધારાથી પ્રભાવિત બોલિવુડના આશરે એક ડઝન જેટલા કલાકારો પણ આવી શકે છે. ભાજપના સ્ટાર પ્રચારકોમાં સામેલ રહેલા દિલ્હી ભાજપના અદ્યક્ષ અને નોર્થ ઈસ્ટ દિલ્હીના સાંસદ મનોજ તિવારી દ્વારા પ્રચારને લઈને જોરદાર માંગ મળી રહી છે. પાર્ટી દ્વારા પણ મનોજ તિવારીનુ નામ તેના સ્ટાર પ્રચારકોમાં સામેલ રાખ્યુ છે. મનોજ અન્ય પણ પ્રચાર કરનાર છે.

# ધોળકા બેઠકની ચૂંટણી વેળા ગેરરીતિ થયાનું કોર્ટનું તારણ

## આ કેસમાં જુબાની દરમિયાન કેટલીક બાબતોમાં ગેરરીતિ થયાનું ધ્યાન પર આવ્યું છે : ગુજરાત હાઇકોર્ટ દ્વારા તારણ

ગુજરાત વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની રિટ અરજીને પડકારતી કોંગ્રેસના ઉમેદવાર અશ્વિન રાઠોડ દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી રિટ અરજીની સુનાવણીમાં આજે જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે રાજય ચૂંટણી પંચ, તત્કાલીન ચૂંટણી નીરીક્ષક(ઓબ્ઝર્વર) અને ચૂંટણી રિટર્નીંગ ઓફિસર વિરૂદ્ધ કારણદર્શક નોટિસ જારી કરી હતી. હાઈકોર્ટે નોંધ્યું હતું કે, પ્રસ્તુત કેસમાં હાઈકોર્ટ સમક્ષ થયેલી જુબાની દરમ્યાન કેટલીક બાબતોમાં ગેરરીતિ થયાનું ધ્યાન પર આવ્યું છે. હાઈકોર્ટે કેટલાક અગત્યના મુદ્દાઓ પણ નોંધ્યા હતા. હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી બે સપ્તાહ બાદ મુકરર કરી હતી. રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની જીતને પડકારતી કોગ્રેસના ઉમેદવાર અશ્વિન રાઠોડ દ્વારા કરાયેલી રિટ અરજીમાં એડવોકેટ શાર્વિલ પી. મજમુદારે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનો ધોળકા બેઠક પરથી ૩૨૭ મતે વિજય થયો હતો. આ ચૂંટણી દરમ્યાન ઘણી બાબતોમાં ગેરરીતિ સામે આવી હતી. જેમાં ખુદ ચૂંટણી રિટર્નીંગ ઓફિસર અને ચૂંટણી નીરીક્ષક(ઓબ્ઝર્વર) ભૂમિકા શંકાસ્પદ રહી હતી. રિટર્નીંગ ઓફિસરે ખોટી રીતે પોસ્ટલ બેલેટના ૪૨૭ મતો રદબાતલ ઠરાવ્યા હતા. એટલું જ નહી, ચૂંટણી દરમ્યાન મોબાઈલ પ્રતિબંધિત હોવાછતાં ખુદ ચૂંટણી અધિકારી મોબાઈલ પર વાત કરતાં નજરે પડતા હતા. કેટલાક પોલીંગ બુથમાં મતો હોવાછતાં તેને ધ્યાનમાં લેવાયા ન હતા. સમગ્ર ચૂંટણી દરમ્યાન કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકાઓનું સરેઆમ ઉલ્લંઘન કરાયું હતું. જેને પગલે ભાજપના ઉમેદવાર ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ખોટી રીતે વિજયી જાહેર થયા હતા. વાસ્તવમાં, ધોળકા બેઠક પર ૧,૫૯,૯૪૬ મત પડ્યા હતા જ્યારે, મત ગણતરીમાં ૧,૫૯,૯૧૭ મત જ ગણતરીમાં લેવામાં આવ્યા હતા. આમ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ખોટી રીતે ચૂંટાયેલા જાહેર થયા હતા. જો પોસ્ટલ બેલેટ અને ઈવીએમમાં પડેલા અને ગણતરીમાં નહી લીધેલા મતો ગણતરીમાં લેવામાં આવે તો અરજદાર જીતી શકે તેમ છે. તેથી હાઈકોર્ટે ચૂંટણીમાં રિકાઉન્ટીંગનો હુકમ કરી જો અરજદાર જીતે તેમ હોય તો તેમને વિજેતા જાહેર કરવા જોઈએ.

# કોંગ્રેસના ૧૮ ઉમેદવારની યાદી

એક બાજુ ગુજરાતમાં લોકસભા બેઠકના મોટાભાગના ઉમેદવારોના નામો જાહેર કરી ભાજપ તેની નિર્ધારિત ચૂંટણી વ્યૂહરચના મુજબ આગળ વધી રહ્યું છે ત્યારે કોંગ્રેસ આજે વધુ ઉમેદવારો જાહેર કર્યા હતા. જો કે, તમામ ૨૬ ઉમેદવારોના નામ ભાજપ અને કોંગ્રેસ તરફથી હજુ પણ જાહેર કરી શકાયા નથી. હવે વહેલીતકે ઉમેદવારના નામ જાહેર કરવા પડશે. કોંગ્રેસના ઉમેદવારોની યાદી નીચે મુજબ છે.

| ઉમેદવાર | વિસ્તાર |
|---|---|
| જગદીશ ઠાકોર | પાટણ |
| પૂજા વંશ | જૂનાગઢ |
| લલિત કગથરા | રાજકોટ |
| લલિત વસોયા | પોરબંદર |
| તુષાર ચૌધરી | બારડોલી |
| વીકે ખાંટ | પંચમહાલ |
| જીતુ ચૌધરી | વલસાડ |
| નરેશ એમ મહેશ્વરી | કચ્છ |
| ધર્મેશ પટેલ | નવસારી |
| રાજુ પરમાર | અમદાવાદ પશ્ચિમ |
| પ્રશાંત પટેલ | વડોદરા |
| રણજીત રાઠવા | છોટા ઉદેપુર |
| ભરતસિંહ સોલંકી | આણંદ |
| એજે પટેલ | મહેસાણા |
| સીજે ચાવડા | ગાંધીનગર |
| પરેશ ધાનાણી | અમરેલી |
| સોમાભાઈ પટેલ | સુરેન્દ્રનગર |
| મુળુ કંડોરિયા | જામનગર |

# ચૂંટણીમાં દિવ્યાંગની ઉપેક્ષા રાજકીય પાર્ટીને ભારે પડશે

અમદાવાદ,તા. ૨

દેશમાં હાલ ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે. લોકસભા ચૂંટણીમાં રાજકીય દળ એક-એક સીટ જીતવા માટે ખુબ જ મહેનત કરી રહ્યાં છે અને અન્ય દળની નીતિઓ પર આકરા પ્રહાર કરી રહ્યાં છે. રાજકીય વિચારધારાઓના વિરોધાભાસી વાતાવરણ વચ્ચે,ભારતીય દિવ્યાંગ સંગઠને તમામ રાજકીય પક્ષો અને તેમાં પણ ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શાસક પક્ષ, ભાજપને અનુરોધ કર્યો છે કે, તેઓ ત્રણ ટકા વસ્તી ધરાવતાં દિવ્યાંગોને રાજકીય મુખ્યધારાનો હિસ્સો બનાવે. ભારતીય દિવ્યાંગ સંગઠનના રાષ્ટ્રીય પ્રમુખ અમિત કુમારે આજે અમદાવાદની મુલાકાત દરમ્યાન દરેક રાજકીય પક્ષોને ઓછામાં ઓછા બે દિવ્યાંગ ઉમેદવારોને લોકસભા ચૂંટણીમાં ટિકિટ આપવાની અપીલ કરી હતી. સાથે સાથે દિવ્યાંગોને પણ ભારતીય રાજનીતિમાં એકસમાન સ્થાન આપવા માંગણી કરી હતી. તેમણે જો રાજકીય પક્ષો દ્વારા દિવ્યાંગોની ઉપેક્ષા કરવામાં આવશે તો તે ચૂંટણીમાં તેઓને ભારે પડી શકે છે એવી ગર્ભિત ચીમકી પણ ઉચ્ચારી હતી. ભારતીય દિવ્યાંગ સંસ્થાનના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત કુમારે વધુમાં જણાવ્યું હતું કે, દિવ્યાંગો એ સમાજનું એક અભિન્ન અંગ છે અને તેઓને પણ સામાન્ય માણસની જેમ તમામ ક્ષેત્રમાં તમામ રીતે એકસમાન તક અને હક્ક પ્રાપ્ત કરવાનો અધિકાર છે. ચૂંટણી પ્રક્રિયાનો પ્રથમ તબક્કો પસાર થઈ રહ્યોં છે, પરંતુ હજી કોઈપણ પાર્ટીએ એક પણ દિવ્યાંગને પોતાનો ઉમેદવાર બનાવ્યો નથી. દિવ્યાંગોને છોડી દેવામાં આવે તો ઘણા ૮ અને ૧૦ ધોરણ પાસ લોકોને રાજકીય દળોએ પોતાના ઉમેદવાર બનાવીને હાસ્યાસ્પદ સ્થિતિ સર્જી છે. વડાપ્રધાન મોદી કેમ દિવ્યાંગોને પણ રાજનીતિમાં મુખ્યધારામાં સમાવવા પ્રયત્નશીલ નથી બનતાં તે સવાલ તેમણે ઉઠાવ્યો હતો. દિવ્યાંગ મતદારોના આંકડા અને તેના કારણે ચૂંટણીના પરિણામો પર અસર પડી શકે છે તેનું વિશ્લેષણ આપતાં અમિત કુમારે જણાવ્યું હતું કે, તેમણે પોતે દિવ્યાંગ હોવાછતાં દેશના ૩૫૦ થી વધુ જિલ્લાઓનો પ્રવાસ કર્યો છે અને દરેક જિલ્લામાં પંદરથી વીસ હજાર દિવ્યાંગો હોવાનું માલૂમ પડયું છે. આ સાથે તેમના પરિવારોની ગણતરી કરીએ તો, એકાદ લાખની આસપાસ એક જિલ્લામાં દિવ્યાંગ કેટેગરીના લોકો અને તેમના પરિવારજનો તેમ જ તેમની સાથે સંકળાયેલા લોકો છે.,જેઓ ચૂંટણીના પરિણામો પર સીધી અસર કરી શકે તેમ છે. આ સંજોગોમાં રાજકીય પક્ષો દ્વારા દિવ્યાંગોની ઉપેક્ષા કરવી તેઓને ભારે પડી શકે તેમ છે. ભારતીય દિવ્યાંગ સંગઠનના રાષ્ટ્રીય પ્રમુખ અમિત કુમારે વેધક સવાલ કર્યો હતો કે, શું વિકલાંગ અને અપંગ લોકોને ફક્ત દિવ્યાંગ નામ આપવું જ પૂરતું છે?

### ઉમેદવાર જાહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિગ્ગજ નેતા અમિત શાહની સામે કોંગ્રેસ દ્વારા પહેલેથી અપેક્ષા મુજબ, અનુભવી સી.જે.ચાવડાને મેદાનમાં ઉતાર્યા છે. તો, અમરેલીથી વિપક્ષના નેતા એવા કોંગ્રેસના યુવા નેતા પરેશ ધાનાણીને ટિકિટ આપી છે. બીજીબાજુ, કોંગ્રેસના રાષ્ટ્રીય અને દિગ્ગજ નેતા એહમદ પટેલના નામને લઈ આજે પણ સસ્પેન્સ યથાવત્ રહ્યું હતું, ભરૂચ બેઠક પરથી તેમના નામની જાહેરાત આવતીકાલે થાય તેવું મનાઈ રહ્યું છે. ગુજરાતના વધુ ચાર ઉમેદવારોના નામો જાહેર થતાં કોંગ્રેસમાં ભારે ચર્ચા અને ઉત્તેજનાનો માહોલ છવાયો હતો. જો કે, હજુ બાકીની બેઠકોના ઉમેદવારોના નામો પર મહામંથન ચાલી રહ્યું છે અને તે પણ એકાદ બે દિવસમાં જાહેર કરી દેવાય તેવી શકયતા છે. ખાસ કરીને અમદવાદ પર્વ, ગાંધીનગર, બનાસકાંઠા અને સાબરકાંઠા જેવી મહત્વની બેઠકોને લઈ કોંગ્રેસમાં ભારે ખેંચતાણ અને કશ્મકશ પ્રવર્તી રહી છે, જેને લઈ કોંગી હાઈકમાન્ડ પણ બહુ વિચારીને નિર્ણય લેવામાં માને છે. ઉલ્લેખનીય છે કે, તા.૪થી એપ્રિલ ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ હોઈ કોંગ્રેસ ઉમેદવારોની સત્તાવાર ઘોષણાની પ્રક્રિયા એકાદ-બે દિવસમાં પૂર્ણ કરી દેવાશે.

### વધુ પાંચ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉમેદવારી પત્ર ભરવાની આડે હવે બે દિવસ બાકીછે. જોકે આ બેઠક પર બહુકોણીય જંગ થશે એમ હાલ મનાઈ રહ્યુ છે. આજે પણ વધુ ૧૦ જેટલા ઈચ્છુક ઉમેદવારો ફોર્મ લઈ ગયા છે. આમ અત્યાર સુધીમાં કુલ ૮૦ ફોર્મ અત્યાર સુધીમાં ગયા છે.

હવે બે દિવસ બાકી છે જોકે આજે કેટલા ઉમેદવારો મેદાનમાં ઝુકાવે છે તે તેમજ છેલ્લા દિવસે કેટલા ઉમેદવારો મેદાનમાં ઝુકાવશે તેના પછી ઉમેદવારો અંગેનું ચિત્ર સ્પષ્ટ થશે.

આ બેઠક પર હજુ સુધી એક પણ મહિલા ઉમેદવારે ઝુકાવ્યુ નથી તે નોંધનીય છે.

### નંબરોનું ઠેકાણું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામ અટવાયુ છે. એજન્ટો તેમજ વાહનમાલિકોને કાર કે ટુ વ્હીલરનો નંબર ફાળવવામાં આવતો નથી. જયારે નંબર વગરના વાહનોના લીધે વાહન માલિકો માટે અનેક સમસ્યાઓ ઉદભવે છે. નવા વાહનોને નંબરો ફાળવવાની પ્રક્રીયા અટવાતા વાહન માલિકોને પણ વીમા સહીતની કામગીરીમાં હેરાનગતિ વેઠવી પડે છે. અકસ્માત સહીતના સંજોગામાં પણ વાહનોના માલિકોને સતત માથે ભાર લઈને ફરવો પડે તેવી સ્થિતિ સર્જાઇ છે. ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં પેપરલેસ વહીવટ હોવાની વાતો થાય છે. પરંતુ અરજદારોએ આર ટી ઓ કચેરીની મંદ કામગીરી અને ખાડે ગયેલા વહીવટના લીધે ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વોરો આવ્યો છે. અગાઉ લાયસન્સ તેમજ વાહન ટેસ્ટીંગ ટ્રેકની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ હોવાથી અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો. આર ટી ઓ કચેરીના સંકુલમાં પણ પાર્કીંગ વ્યવસ્થાના અભાવે રોજબરોજ આવતા મુલાકાતીઓએ ધક્કે ચઢવાનો વારો આવે છે.

### કોંગ્રેસનું વચન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવશે. ખેડૂતો અને ગરીબોના ખિસ્સામાં સીધા પૈસા જમા કરવામાં આવશે. મોદીએ નોટબંધી કરીને દેશની અર્થવ્યવસ્થાને ખતમ કરી દીધી હતી. આના કારણે આ મંદી દૂર થશે. બીજી બાબત રોજગારની છે. દેશમાં યુવાનોને રોજગાર મળી રહ્યા નથી. બે કરોડ રોજગાર મળ્યા નથી. ૨૨ લાખ સરકારી નોકરી આપવાની વાત કરવામાં આવી છે. તેમને કોંગ્રેસ પાર્ટી માર્ચ ૨૦૨૦ સુધી ભરીને આપવાની યોજના ધરાવે છે. ૧૦ લાખ યુવાનોને ગ્રામ પંચાયતમાં રોજગારી આપવામાં આવનાર છે. આ ઉપરાંત ત્રણ વર્ષ માટે ભારતના યુવાનોને બિઝનેસ ખોલવા માટે કોઈની મંજુરીની જરૂર રહેશે. જે લોકો બિઝનેસ કરવા માંગે છે તે લોકો કરી શકે છે. બેંકના દરવાજા પણ આના માટે ખુલ્લા રહેશે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરન્ટીને આમા ૧૫૦ દિવસ કરવાની વાત કરવામાં આવી છે. હજુ સુધી ૧૦૦ દિવસ આમા રોજગારીની વ્યવસ્થા છે. અગાઉની સરકારે ૧૦૦ દિવસ માટે રોજગારીની ગેરન્ટી આપી હતી. ખેડૂતો માટે બે મોટી બાબતોને ધ્યાનમાં લેવામાં આવી છે જેમાં ખેડૂતો માટે અલગ બજેટની વાત કરવામાં આવી છે. દેશના ખેડૂતોને આ અંગેની માહિતી હોવી જોઈએ કે તેના એમએસપી કેટલા રૂપિયા સુધી વધારવામાં આવી છે. કરોડપતિ બેંક લોન લે છે પરંતુ દેવાની ચુકવણી વગર છટકી જાય છે. અમે નિર્ણય લીધો છે કે, જો ખેડૂત લોન લે છે અને ચુકવી શકવામાં નિષ્ફળ રહે છે તો તેને અપરાધિક મામલા તરીકે ગણાશે નહીં બલ્કે આને સિવિલ મામલો ગણવામાં આવશે.

### ૧૫ કરોડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈનકમ ટેક્સે તામિલનાડુ સરકારમાં શહેરી વહીવટ મંત્રી અને એઆઈએડીએમકે નેતા એસપી વેલુમણીના ઘરે ગયા સપ્તાહે દરોડા પાડ્યા હતા.

આ દરોડામાંથી અધિકારીઓને ૧૫ કરોડ રૂપિયાની રોકડ રકમ હાથ લાગી હતી. દરોડામાંથી મળી આવેલી નોટોની તસ્વીરો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહી છે. વિભાગને તેમના બાતમીદાર મારફતે માહિતી મળી હતી કે ચૂંટણીમાં પૈસાની લ્હાણી કરવા માટે મોટી સંખ્યામાં બોક્સમાં ભરીને નાણા એકત્રિત કરાયા હતા. ગોડાઉનમાં કોથળા અને ડબ્બાઓમાં ભરીને રોકડ રકમને સંતાડીને રાખવામાં આવી હતી.

### ગોળીબાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રયાસ પણ જારી રાખવામાં આવ્યા છે. કાશ્મીરમાં પણ ત્રાસવાદીઓ વધારે સક્રિય થયેલા છે. જો કે પુલવામા બાદ સેનાએ વધુ આક્રમક વલણ અપનાવતા હવે દરરોજ ત્રાસવાદીઓ ઠાર થઈ રહ્યા છે. ભારતે આજે દાવો કર્યો હતો કે પાકિસ્તાન દ્વારા તેના ત્રણ જવાનોના મોતની વાત કરવામાં આવી રહી છે પરંતુ તેને વધારે નુકસાન થયુ છે. રાવલકોટ સેક્ટરમાં અંકુશરેખા ઉપર પાકિસ્તાનના ત્રણ જવાનના ભારતના ગોળીબારમાં મોત થયા છે. પાકિસ્તાન લશ્કરી દળોના મિડયા વિંગ દ્વારા આ મુજબની કબૂલાત કરવામાં આવી છે. બીજી બાજુ ભારતનું કહેવું છે કે, પાકિસ્તાન દ્વારા ભલે ત્રણ જવાનોના મોતની વાત કરવામાં આવી રહી છે પરંતુ નુકસાન ખુબ વધુ થયું છે.

જમ્મુ કાશ્મીરના પૂંચ જિલ્લામાં અંકુશરેખા ઉપર પાકિસ્તાની સેના દ્વારા કરાયેલા ગોળીબારમાં બીએસએફના એક જવાન શહીદ થયા હતા. બીજી બાજુ પાંચ વર્ષની બાળકી સહિત બે વ્યક્તિના મોત થયા છે. અન્ય ૨૪ લોકો ઘાયલ થયા છે. આ ગોળીબાર બાદ ભારતે જોરદાર કાર્યવાહી કરી હતી. સંઘર્ષ વિરામનો ભંગ કરીને પાકિસ્તાને પૂંચ અને રાજૌરીમાં ગોળીબાર કર્યો હતો જેમાં ભારતીય જવાનો ઘાયલ પણ થયા હતા. બીએસએફની ૧૬૮મી બટાલિયનના ઈન્સ્પેક્ટર ટી એલેક્સ શહીદ થયા હતા.

### ખતરનાક

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘોષણાપત્રમાં કહી રહ્યા છે કે, આઈપીસીની કલમ ૧૨૪-એને દૂર કરવામાં આવશે. રાજદ્રોહની જોગવાઈ દૂર કરવામાં આવશે તેવી ખતરનાક વાત થઈ રહી છે. જે પાર્ટી આ પ્રકારની ઘોષણા કરે છે તે એક પણ વોટ માટે હકદાર નથી. જેટલીએ કહ્યું છે કે, કોંગ્રેસ અધ્યક્ષે જે ખતરનાક વચન આપ્યા છે તે જોતા દેશની જનતા તેમને આવી કોઈ તક આપશે નહીં. જેટલીની પત્રકાર પરિષદ ચાલી રહી હતી ત્યારે કોંગ્રેસના ત્રણ વરિષ્ઠ નેતા જયરામ રમેશ, રણદીપ સુરજેવાલા અને ચિદમ્બરમ જવાબ આપવા માટે આગળ આવ્યા હતા. કોંગ્રેસી નેતાઓએ કહ્યું હતું કે, રાજદ્રોહ અંગ્રેજોના સમયને લઈને કાયદો છે. દેશમાં ડિફેન્સ ઓફ ઈન્ડિયા કાનૂન બનાવવામાં આવ્યો હતો. જે લોકો પૂર્ણ વકીલ અને પૂર્ણ નાણામંત્રી નથી તે લોકોને માહિતી નથી. તેમનું કહેવું છે કે, અંગ્રેજોના જમાનાના કાનૂનને હવે અમલી રાખવાની કોઈ જરૂર નથી. મોટી મોટી સ્કીમો માટે પૈસા ક્યાથી લાવશે તે અંગે કોઈ વાત કોંગ્રેસ તરફથી કરવામાં આવી નથી. કોંગ્રેસ તરફથી એવી હવામાં વાત થઈ રહી છે કે, અર્થવ્યવસ્થા આગળ વધશે તો પૈસા પણ આવશે. આ એવી જ વિચારધારા છે.